# સે. ૨૨ આનંદવાટિકા વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો ડૂલ થતા અંધારપટ

ગાંધીનગર, તા. ૩

સે. ૨૨માં જૈન દેરાસર પાછળના વિસ્તારમાં સ્થિત સોસાયટીમાં છેલ્લા કેટલાક દિવસોથી સ્ટ્રીટલાઈટ બંધ રહેતા રાત્રીના અંધારપટ્ટ વચ્ચે ભયનું વાતાવરણ સર્જાય છે. રહેણાંક વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો ડૂલ રહેતા રહીશોને તસ્કરોનો ભય સતાવે છે. જ્યારે ચોમાસાના વરસાદી દિવસો દરમિયાન રાત્રીના છવાયેલા અંધારપટ્ટ વચ્ચે વાહનચાકો પણ માર્ગ અકસ્માતનો ભોગ બની રહ્યા છે. સ્ટ્રીટલાઈટ બંધ હોવાથી સોસાયટીના સ્થાનિક રહીશોએ રોજબરોજ પારાવાર હાલાકી વેઠવી પડે છે. સાંજ ઢળતા જ અંધારૂ ઉલેચતી લાઈટના અભાવ વચ્ચે આમ નાગરિકોને અવર-જવર કરવાનું પણ મુશ્કેલ બન્યું છે. સંબંધિત તંત્ર સ્થાનિક રહીશોની મુશ્કેલીને ધ્યાને લઈ બંધ સ્ટ્રીટલાઈટ ચાલુ કરવા યોગ્ય પગલા ભરે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# આર.ટી.ઓ. કચેરીના સર્વરમાં ખામી સર્જાતા કાર્યવાહી ઠપ્પ !

## લાયસન્સ માટે એપોઈમેન્ટ લઈને આવેલા અરજદારોએ ધક્કો ખાવાનો વારો આવ્યો

ગાંધીનગર, તા. ૩

આર.ટી.ઓ. કચેરીમાં આજે સર્વરમાં ટેકનીકલ ખામી સર્જાતા કાર્યવાહી ઠપ્પ થઈ ગઈ હતી. હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં સઘળી કાર્યવાહી કોમ્પ્યુટરાઈઝડ કરી દેવાઈ છે. આવા સંજોગોમાં લાયસન્સનું સોફ્ટવેર બંધ થઈ જતા સંખ્યાબંધ અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

'ગ' માર્ગ પર સ્થિત નગરની નવનિર્મિત આર.ટી.ઓ. કચેરીમાં મોટાભાગની કામગીરી કોમ્પ્યુટર આધારીત કરી દેવાઈ છે. આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ ઈસ્યુ કરવાથી લઈ વાહન નોંધણી સહિતની કાર્યવાહી ઝડપી અને કોમ્પ્યુટરાઈજડ કરી દેવાઈ છે. કચેરીને પેપરલેસ બનાવવાના નવતર અભિગમ સાથે ઓનલાઈન લાયસન્સ પદ્ધતિ પણ અમલમાં મુકાઈ છે. જ્યારે અરજદારોએ પોતાનો કિંમતી સમય બગાડી ધક્કા ન ખાવા પડે તે માટે અરજદારો એપોઈન્ટમેન્ટ લઈ આવે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

આમ છતા સ્ટાફના અભાવ વચ્ચે ઉત્તરવહી ટેકનીકલ ક્ષતિઓના લીધે અજદારોએ વખતોવખત હાલાકી વેઠવી પડતી હોવાની વ્યાપક ફરિયાદો ઉદ્‌ભવી છે. આર.ટી.ઓ. કચેરીમાં આજે સર્વરમાં ખામી સર્જાતા લાયસન્સની પ્રક્રીયા ઠપ્પ થઈ ગઈ હતી. સર્વર બંધ થતા લાયસન્સ માટે એપોઈન્ટમેન્ટ લઈને આવેલા સંખ્યાબંધ અરજદારોએ પણ પરત થવું પડ્યું હતું. જેના પરિણામે આર.ટી.ઓ. ઓફિસમાં પણ ખાલીપો જોવા મળ્યો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૩
સૂર્યાસ્ત : ૬.૫૯

## તાપમાન

મહત્તમ : ૩૩.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૬૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
જૉકર : ૧.૧૫, ૩.૩૦, ૬.૦૦, ૮.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
જૉકર : ૧૦.૦૦, ૧૨.૦૦, ૨.૧૫, ૯.૩૦
એક થા ટાઈગર : ૪.૩૦, ૭.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૧૫, ૩.૩૦, ૧૧.૦૦
કેવી રીતે જઈશ : ૧૨.૪૫, ૮.૧૫
એક થા ટાઈગર : ૫.૪૫
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૦૦,૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૫.૩૦
: સ્ક્રીન-૩ :
જૉકર : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૭.૩૦,૯.૪૫
ફોર્મ સિડ્‌ની વીથ લવ : ૫.૦૦
: સ્ક્રીન-૪ :
જૉકર : ૯.૩૦, ૨.૦૦, ૪.૧૫, ૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦
શીરીન ફરાહદ કી તો નીકલ પડી : ૧૧.૪૫

### સૂર્યા, વાવોલ

જૉકર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વિધાતા (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જૉકર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૧૫, ૫.૧૫, ૮.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૫૦, ૭.૧૫, ૧૦.૦૦
નિલકંઠ : ૧.૧૫ ● જૉકર : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
આઈ એમ ૨૪ : ૧૧.૧૫,૧૦.૧૫
એક થા ટાઈગર : ૨.૧૫
ફોર્મ સિડ્‌ની વીથ લવ : ૫.૧૫, ૮.૧૫

### ચિરાગ, કલોલ

જૉકર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં લહેરીયાનો બંગલો અને શૃંગારમાં ચાંદીના પલના.
- શ્રી બહુચર મંડળ, ગાંધીનગર દ્વારા આનંદનો ગરબો બપોરે ૨.૩૦ કલાકે, રાજશ્રીબેન પંચોલી ૨૫૯, ડબલ ડેક્કર, સેકટર-૨૪ના નિવાસ સ્થાને યોજાશે.

## આપની આજ

**મેષ** : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

**વૃષભ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**મિથુન** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**કર્ક** : આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

**સિંહ** : જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

**કન્યા** : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે.

**તુલા** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**ધન** : વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**મકર** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**કુંભ** : આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર - વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મીન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

## ચિરવિદાય

- સ્વ. મધુસુદન ભોગીલાલ શાહ (ઉ.વ.૬૪) પ્લોટ નં. ૬૩૩, આદર્શન નગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. પરેશકુમાર રમણલાલ મકવાણા (ઉ.વ.૨૫) બ્લોક નં. ૧૯/૨, 'ચ' ટાઈપ, સેકટર-૨૯, ગાંધીનગર.

# કૃષ્ણાશ્રય રસપાન પૂ. કુજેશ કુમારજીની અમૃત વાણી

ગાંધીનગર, તા.૩

શ્રી પુરુષોત્તમ માસના પવિત્ર દિવસોમાં શ્રઈજી ગોવર્ધન નાથજીની હવેલીના આંગણે શ્રી કૃષ્ણાશ્રય ગુણવાન કથા મહોત્સવ પ.પૂ. શ્રી ૧૦૮ કુજેશ કુમારજી મહારાજની વાણીમાં રસપાન કરાવે છે. સત્સનની શરૂઆતમાં મોક્ષની વાત કરી હતી. મોક્ષ જીવન દરમ્યાન જ મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. મૃત્યુ પછી મોક્ષની ઉપયોગીતા નથી. તમે તમારી જાતને ઓળખશો તો તમે બીજાને ઓળખી શકશો. સ્ત્રીઓને કૃષ્ણને તેમના મનમાં સ્થાન આપેલ છે.

આપણે જ્યારે બંગલો બાંધવાનો મનોરથ કરીએ તો ભગવાનના મંદિર માટે જગ્યા ફાળવીએ છીએ. ભગવાનને સમર્પણ કરીએ તો તે સંપૂર્ણ હોવું જોઈએ. વૈષ્ણવો આરતી કરે છે. ત્યારે ચાર મુઠ્ઠીયા જુદીજુદી દિક્ષામાં મુકીએ છીએ. આ મુંઠિયા મોક્ષનું પ્રતિક છે. વૈષ્ણવોને મોક્ષની જરૂર નથી. સમર્પણની જરૂર છે.

ભગવાનના દર્શનની શરૂઆત વૈષ્ણવે ચરણથી શરૂ કરવી જોઈએ. મુખારવિંદના દર્શન છેલ્લાક આ જોઈએ. માલ તિલકએ વૈષ્ણવોનું સૌભાગ્ય ચિહ્નો છે. વૈષ્ણવના લગ્ન પ્રભુ સાથે જ થયા છે. એટલે વૈષ્ણવનું આચરણ તે પ્રમાણે હોવું જોઈએ.

વલ્લભકુળમાં પ્રમનું મહત્વ સૌભાગ્યવતી સ્ત્રીના સિંદુર જેટલું મહત્વ છે. કથા સમાપ્તિ પછી વૈષ્ણવ સમુહના ભક્તિ ગીતો ગાયા હતા.

# ડિપ્લોમાં ઈજનેરીની ૭૭૮૦ ખાલી બેઠક

ગાંધીનગર, તા.૩

એડમિશન કમિટી ફોર પ્રોફશનલ ડિપ્લોમાં કોર્સિસ દ્વારા હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયા બાદ ખાલી રહેલી ડિપ્લોમાં ઈજનેરીની ૭૦૬૦ બેઠકો અને નવી મંજૂર થયેલી ૭૨૦ બેઠકો મળી કુલ ૭૭૮૦ બેઠકો માટે એસીપીડીસી ખાતે ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથધરવામાં આવશે. ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે ૩૧મી ઓગસ્ટ અને ૧,સપ્ટેમ્બર એમ બે દિવસ વિદ્યાર્થીઓ પાસે ઓનલાઈન સંમતિ મંગાવવામાં આવી હતી. જેમાં કુલ ૧૨૪૮૮ વિદ્યાર્થીઓએ પ્રવેશમાં ભાગ લેવા સંમતિ આપી છે. આ ત્રીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા તા.૫મી સપ્ટેમ્બરથી હાથ ધરવામાં આવશે.

# એન.એ.બી.એચ.ના ઈન્સ્પેક્શન માટે ૨૭મીએ ટીમ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એન.એ.બી.એચ. ઈન્સ્પેક્શન માટે ૨૭ થી ૨૯ સપ્ટેમ્બર દરમ્યાન ૪ જેટલા અધિકારીઓની ટીમ આવી રહી છે.

એન.એ.બી.એચ. પ્રમાણપત્ર ધરાવતી આ હોસ્પિટલે તેના પ્રમાણપત્રની મુદતમાં વધારો કરવા માટેની રિન્યુઅલ અરજી બોર્ડને કરી હતી.

મળતી વિગતો મુજબ એન.એ.બી.એચ. ટીમની સૂચિત મુલાકાતને પગલે સિવિલના સિનીયર તબીબો દ્વારા પ્રિએસેસમેન્ટ પણ કરાયુ હતુ અને આ દરમ્યાન જણાયેલી ત્રુટીઓ દૂર કરી દેવામાં આવી છે.

સિવિલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ટીમની આ સૂચિત મુલાકાતના પગલે હાલ સિવિલ હોસ્પિટલમાં તૈયારીઓ પૂરજોશમાં આરંભી દેવામાં આવી છે. જેમાં રોજેરોજ એક એગ્રેસીવ રાઉન્ડની યોજના તૈયાર કરવામાં આવી છે.

આ ઉપરાંત કર્મચારીઓને પણ પુનઃ એકવાર તાલિમનો કોર્ષ કરાવવામાં આવશે. આ તાલિમ ૧૫મી સપ્ટેમ્બરથી શરૂ કરી દેવામાં આવશે. જેમાં વર્ગ-૧ થી વર્ગ-૪ના તમામ કર્મચારીઓને આવરી લેવામાં આવશે.

સિવિલ હોસ્પિટલમાં સફાઈ ઉપરાંત દરેક વોર્ડ પર સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવા બોર્ડ અને દર્દીઓના અધિકારો પણ દર્શાવવામાં આવશે.

# સે. ૩માં જૈન દેરાસર ખાતે પર્યુષણ પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૩

શ્રી આદિશ્વર શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘ દ્વારા પર્યુષણ પર્વની ઉજવણી તા. ૧૨થી ૧૯ સપ્ટેમ્બર સુધી યોજાશે. પર્યુષણ પર્વ દરમિયાન પ્રતિક્રમણ સાંજે સાત વાહે ઉપાશ્રયમાં યોજાશે. ચૌદશનું પ્રતિક્રમણ ૬ કલાકે સાંજે રાખેલ છે. પ્રતિક્રમણ દરમ્યાન દરરોજ સમય જાહેર કરવામાં આવશે. બહેનોનું સંવત્સરી પ્રતિક્રમણ બપોરે ત્રણ વાગે યોજાશે. પ્રતિક્રમણમાં આરતી અને મંગળ દિવાના આદેશો આપવામાં આવશે.

ભદરવા સુદ ચોથના પ્રક્ષાલ વિના આદેશ ભાદરવા સુદ ત્રીજના દિવસે ભાઈઓને પ્રતિક્રમણમાં આપવામાં આવશે. શ્રી અનંતભાઈ બી. ભાવસાર અને શાહભાઈ ભણાવશે. ભાઈઓનું સંવત્સરી પ્રતિક્રમણ નૂતન ઉપાશ્રયમાં ચાર વાગે ભણાવવામાં આવશે.

# સે-૧માં તળાવ પાસે રંગબેરંગી ફૂલો વચ્ચે વોટરફલોનું આકર્ષણ

ગાંધીનગર, તા.૩

સે-૧માં તળાવ વિકાસની યોજના અન્વયે નયનરમ્ય બગીચાનું નિર્માણ કરવામાં આવ્યું છે. અંદાજિત રૂ. ૨૮ લાખના ખર્ચે બનાવવા તળાવ આસપાસના વિસ્તારને વિકસાવવાનું આયોજન કરાયું છે. હાલની સ્થિતિએ તળાવ નિર્માણનું કામ પૂર્ણ કરાયા બાદ આસપાસના વિસ્તારનો સિનાયરીયો

વિકસાવાયેલા આ ઉદ્યાનમાં રંગબેરંગી ફૂલોના રોપાઓ ઉપરાંત વોટરફલો પણ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

સે-૧માં છેલ્લા પાંચ વર્ષથી તળાવ વિકાસની યોજનાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. કરોડોના ખર્ચે તળાવને પીકનીક સ્પોટ બદલવા પણ તંત્ર દ્વારા ફૂડકોર્ટ બનાવવાનું આયોજન હાથ ધરાયું છે. જ્યારે તળાવ વિકાસની યોજના અન્વયે ધીમી ગતિએ કામ હાથ ધરાતા તબક્કાવાર મોટાભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. તળાવ આસપાસ બાગાયત તંત્ર દ્વારા નયનરમ્ય ઉદ્યાનનું પણ નિર્માણ કરાયું છે. સૂત્રોના જણાવ્યા મુજબ બગીચાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. ૨.૫ હેકટર વિસ્તારને હરિયાળો બનાવી વિવિધ પ્રકારના ફૂલ છોડની વાવણી કરવામાં આવી છે. ઉદ્યાનમાં એકઝોરા, ચાંદની, ગાવમેનીયા, ટીકોમા સહિતના રોપાઓ ઉછેરવામાં આવ્યા છે. જ્યારે રંગબેરંગી ફૂલોથી નિખરતા આ ઉદ્યાનમાં લોનની ફરતે નવીન પ્રકારની હેજ-વાડ પણ કરવામાં આવી છે. પીકનીક સ્પોટ સમાન આ ઉદ્યાનમાં વોટરફલો પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. જેમાં પત્થરોમાંથી ફુવારા મુજબ થતો વોટરફલો સહેલાણીઓને આકર્ષિત કરશે. હાલ દિવસ દરમિયાન માત્ર કલાક દરમિયાન વોટરફોલ ચાલુ રાખવામાં આવે છે.

# ડુંગરી ગરાસિયા સેવા સમાજની ૮મીએ વાર્ષિક સભા યોજાશે

ગાંધીનગર, તા.૩

ડુંગરી ગરાસિયા સેવા સમાજનો સર્વે સભ્યોની નવમી વાર્ષિક સાધારણ સભા તા.૮મી સપ્ટેમ્બરે બપોરે ૧.૦૦ કલાકે યોજાશે. મંત્રી એસ.એન. અસોડાએ જણાવેલ છે.

# સોશ્યલ સર્વિસ એવોર્ડથી અરૂણ બૂચનું સન્માન

ગાંધીનગર, તા.૩

જાયન્ટ ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા તાજેતરમાં ગાંધીનગરના જાણીતા સમાજસેવક અને અનેક એવોર્ડ પ્રાપ્ત કરનાર અરૂણ બૂચનું અમદાવાદ ખાતે સોશ્યલ સર્વિસ એવોર્ડ અપણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી નીતિનભાઈ પટેલ તથા શ્રી ચૂડાસમા તથા વર્ક ડેપ્યુટી ચેરમેન ડૉ. રાજેશભાઈ જોષી અને બળદેવભાઈ પટેલ દ્વારા ગાંધીનગરના અરૂણ બૂચને સન્માન પત્ર, શાલ તથા સ્મૃતિ ચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અરૂણભાઈની નિરંતર સેવાઓને બિરદાવી જાયન્ટ ઈન્ટરનેશનલ દ્વારા સોશ્યલ સર્વિસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો જેને ગાંધીનગર શહેર વસાહત મહામંડળના સભ્યોએ અને નગરવાસીઓએ આવકારી શુભેચ્છાઓ પાઠવી છે.

# સેક્ટર-૭ના બ્રહ્મબંધુઓની ૮મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩

સેક્ટર-૭માં વસતા તમામ બ્રહ્મબંધુને જણાવવાનું કે બ્રહ્મસમાજ સેક્ટર-૭ શાખાની કારોબારી બેઠક તા. ૮ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ સાંજે ૫.૩૦ કલાકે સેક્ટર-૭ના બગીચામાં રાખવામાં આવી છે. કારોબારીની રચના કરવાની હોવાથી સેક્ટરમાં વસતા તમામ બ્રહ્મબંધુને હાજર રહેવા મંત્રી રાજેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું છે.

# આજથી જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર સાહેલીનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર-સાહેલીની રચના આજે તા.૪થી સપ્ટેમ્બર ૨૦૧૨ને મંગળવારે સાંજે ૫ કલાકે બલરામ ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે થશે. સમારંભમાં સાહેલી ગ્રૂપના તમામ હોદ્દેદારો અને સભ્યો જાયન્ટસના શપથ ગ્રહણ કરશે.

જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર સાહેલીના પ્રમુખ પદ માટે ગાયત્રીબેન સંજયકુમાર પટેલ શપથ લેશે. સમારંભના ઉદ્‌ઘાટક તરીકે ડાહ્યાભાઈ પટેલ ચેરમેન ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ. અતિથિ વિશેષ તરીકે જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ નટુભાઈ પટેલ ખાસ હાજર રહેશે. સાહેલીના હોદ્દેદારો અને સભ્યોને જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશનના યુનિટ ડાયરેકટર સાંકાભાઈ પટેલ શપથ વિધિ કરાવશે.

# એક માસમાં ૧૨૬૫ કારની ડાર્ક ફિલ્મ કઢાવી ચાલકોને સવા લાખનો દંડ

## ટ્રાફીક પોલીસે નિયમોનો ભંગ કરનાર ૭૬૬૯ ચાલકો પાસેથી ૮ લાખનો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં બેફામ ગતિએ જતા તથા હેલ્મેટ-સીટબેલ્ટ વિના વાહન ચલાવી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકો ઉપરાંત કારમાં ડાર્ક ફિલ્મ રાખીને ફરતા ચાલકો સહિત વિવિધ ટ્રાફીકના નિયમોની ઐસી કી તૈસી કરનાર ૭૬૬૯ વાહનચાલકોને ઓગષ્ટ મહિનામાં ટ્રાફીક પોલીસે પાવતીઓ પકડાવીને એક માસમાં રૂ. ૮ લાખથી વધુનો દંડ ફટકારી કડક કાર્યવાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ડાર્ક ફિલ્મ લગાવીને શહેરમાં ભટકતા કાર ચાલકો પૈકી ૧૨૬૫ કાર ચાલકોને સવા લાખનો દંડ ફટકારી તમામની બ્લેક ફિલ્મ પટ્ટી ટ્રાફીક પોલીસે કઢાવી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેની સુચનાથી ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતે એક માસ દરમિયાન વિવિધ સ્થળે ટ્રાફીક અવેરનેશ કેમ્પ સર્જવા ઉપરાંત નિયમોની અમલવારી માટે પ્રયત્નો કર્યા છે. અવારનવાર ગાંધીનગરમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી માટે અલગ અલગ સર્કલો પર તથા હાઈવે પર ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેમાં સીટ બેલ્ટ વગર ભટકતા ૧૭૦૩ કાર ચાલકોને પાવતી આપીને તેમની પાસેથી રૂ. ૧,૭૦,૩૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો. હેલ્મેટ વિના ફરતા બાઈક ચાલકો પૈકી ૧૦૭૨ને પાવતી આપી તેમની પાસેથી રૂ. ૫૩,૬૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો તે ઉપરાંત ચાલુ વાહને મોબાઈલ પર વાતો કરતા ૨૧૨ ચાલકો પાસેથી રૂ. ૧૬૦૦૦, નો પાર્કિંગમાં પાર્ક કરીને ચાલ્યા ગયેલા ૨૧૧ વાહન ચાલકોને રૂ. ૧૯,૨૫૦નો દંડ, ડાર્ક ફિલ્મ પટ્ટી ધરાવતા ૧૨૬૫ કાર ચાલકો પાસેથી રૂ. ૧,૨૬,૫૦૦ દંડ, રેતી, કપચી, લોખંડ ભરીને અકસ્માત સર્જે તે રીતે ટ્રક ચાલકના ૧૯૨ ચાલકોને પાવતી આપીને રૂ. ૪૭,૪૫૦ની કિંમતનો દંડ વસુલવામાં આવ્યો છે. તે ઉપરાંત એક જ માસમાં ૩૬૩ વાહનો રિટેઈન કરીને ભયજનક વાહન ચલાવતા ૧૬૩૯ ચાલકોની પાસેથી રૂ. ૨,૨૭,૪૭૫ તથા બી.પી.એકટ તથા એમ.વી. એકટ હેઠળ ૨૬ને એન.સી. મેમો આપી પુરઝડપે વાહન ચાલવનાર તથા નો પાર્કીંગમાં પાર્ક કરનાર મળીને ૧૩ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. તથા દારૂ પીધેલી હાલતમાં વાહન ચલાવનાર ત્રણ શખ્સો વિરૂધ્ધ પણ ગુનો દાખલ કરાવ્યો છે. એક માસમાં જિલ્લા ટ્રાફિક પોલીસે કુલ ૭૬૬૯ પાવતીઓ ફાડીને નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકો પાસેથી રૂ. ૮,૦૨,૬૨૫નો દંડ વસુલવામાં આવ્યો હોવાનું પી.આઈ. વાય.આર. ગામીતે જણાવ્યું છે.

# સે. ૨૯માં યુવાને પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેક્ટર-૨૯માં રહેતા યુવાને ગઈકાલે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર પંખે દુપટ્ટો બાંધીને ગળા ફાસો ખાઈ આપઘાત કરી લીધાની ઘટના બનવા પામી છે. સેક્ટર-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પી.એસ.આઈ. રાઠવાએ વધુ તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૨૯, ચ-ટાઈપ બ્લોક નં. ૧૯/૨માં રહેતો યુવાન પરેશ ઉર્ફે રાહુલ રમણભાઈ મકવાણા ગઈકાલે સાંજના સુમારે પોતાના ઘરે હતો તે દરમ્યાન તેણે રૂમમાં જઈ પંખે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતી. આપઘાતનું સ્પષ્ટ કારણ બહાર લાવવા સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ આરંભી છે.